**તા.૦૮/૦૫/૨૦૨૫ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૦૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૪૨ લીટર દેશી દારૂ, ૭૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૯૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૯ બિયરટીન, ૦૧ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૯૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૧૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૬૧૧/૨૦૨૫**

**આનંદનગરઃ** પિયુષરાજ અમરનાથ ઓમપ્રકાશ વૈશ્ય (ઉ.વ.૬૧)(રહે.પ્રેસ્ટીજ મીસ્ટી વોટર્સ સોસાયટી, વીસ્ટા ટાવર હેબ્બલ કેમ્પાપુરા બેગ્લોર સીટી, બેંગ્લોર) એ તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૪/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ભાવીક નીતીનભાઇ ઠક્કર (૨) ડોલી ભાવીકભાઇ ઠક્કર અને (૩) નીતીન ભવાનજીભાઇ ઠક્કર (તમામ રહે.વિશાલ રેસીડેન્સી આનંદનગર) એ ભેગા મળી “એ.બી.પ્લાસ્ટીક” નામની કંપનીમાં રોકાણ કરશો તો તમોને સારો નફો આપીશ” તેમ કહી પિયુષરાજ વૈશ્યને વિશ્વાસમાં લઇ તેઓ પાસેથી કુલ રૂપિયા ૫૦,૦૦,૦૦૦/- કંપનીમાં રોકાણ કરાવેલ અને શરૂઆતમાં પિયુષરાજ વૈશ્ય એ રોકેલ નાણાં સામે રૂપિયા ૧,૮૩,૦૦૦/- નફો આપેલ ત્યારબાદ નફો કે આપેલ રૂપિયા પરત નહી કરી તેમજ તેમનો સંપર્ક કરતા મોબાઇલ ફોન બંધ આવતા તેઓના રહેણાંક સરનામે તપાસ કરતા મકાન ખાલી કરીને ક્યાક જતા રહી વિશ્વાઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.કે.ભારાઇ ચલાવે છે.

**ક્રાઇમ બ્રાંચઃ** મિતુલભાઇ ભરતભાઈ વ્યાસ (ઉ.વ.૪૪)(રહે.નારાયણધામ સોસાયટી ડેરી ટેમ્પલ રોડ નડીયાદ તથા ટ્રાઈડિન એલીગેન કે.ડી હોસ્પીટલ પાછળ સરદાર પાર્ક વૈષ્ણવદેવી સર્કલ) એ તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાંચ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૪/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અજય શર્મા (રહે.રાની કા બાગ, મોહિન્દ્ર કોલોની, અમૃતસર પંજાબ) એ મિતુલભાઇ વ્યાસના ક્લાઇન્ટના ઓસ્ટ્રેલીયા ખાતે પી.આર. માટે તેમજ કેનેડા ખાતેના વર્ક પરમીટના વિઝા લેવા સારૂ કુલ ૧૧ ફાઇલો પેટે કુલ રૂપિયા ૧,૬૨,૦૦,૦૦૦/- મેળવી લઇ, મિતુલભાઇ વ્યાસના ક્લાઇન્ટનું વિઝાનુ કામ નહી કરી તેમજ રૂપિયા પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.પી.ચૌહાણ ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૬૧૨/૨૦૨૫**

**સરદારનગરઃ** દક્ષાબહેન વા/ઓ પરથીભાઇ વણઝારા (રહે. લક્ષ્મીનગર સોસાયટી, ગંગોત્રી હોટલ સામે, નરોડા) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૫/૨૦૨૫ સવારના ૧૦/૦૦ થી તા.૦૭/૦૫/૨૦૨૫ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૧૧,૫૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એ.શાહ ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૬૧૩/૨૦૨૫**

**રામોલઃ** મોહમદકુરકાન છોટેમીયા કુરેશી (ઉ.વ.૪૮)(રહે.સાંઇપાર્ક સોસાયટી, રામોલ રીંગ રોડ, રામોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૪/૨૦૨૫ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે રામોલ ટોલટેક્ષ નજીકથી એક ઓટોરીક્ષા ચાલકે મોહમદકુરકાનને મુસાફર તરીકે ઓટોરીક્ષામાં બેસાડી મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક તથા રીક્ષામાં પાછળ બેસેલ ત્રણ અજાણ્યા પુરૂષોએ ભેગામળી રીક્ષામાં ધક્કા–મુક્કી કરી, મોહમદકુરકાનની નજર ચુકવી ખીસામાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– ચોરી કરી લઈ મોહમદકુરકાનને રીક્ષામાંથી નીચે ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી હિરેન્દ્રસિંહ અનોપસિંહ ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૬૧૪/૨૦૨૫**

**માધવપુરાઃ** પ્રદિપભાઇ ભીખાભાઇ ડામોર (ઉ.વ.૨૫)(રહે.અમ્બિકા ટ્રાંસપોર્ટ, પ્રેમ દરવાજા બહાર, ઇદગાહ માધવપુરા) તા.૦૬/૦૫/૨૦૨૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે માધવપુરા આરતી ટ્રાન્સપોર્ટ ખાતે માલની ડીલેવરી કરવા માટે આવેલ હતા ત્યારે વરસાદ પડતો હોવાથી વીજ પોલ પાસે પાણી ભરાયેલ હતુ જ્યાં પ્રદિપભાઇ ડામોરની વીજ કરંટ લાગતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા તા.૦૬/૦૫/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ પ્રદિપભાઇ ડામોરને મૃત જાહેર કર્યા હતા. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મુકેશભાઇ માવાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૬૧૫/૨૦૨૫**

**સેટેલાઇટઃ** ઋત્વિક હસમુખભાઈ પટેલ (ઉ.વ.૨૫)(રહે.યમુના એપાર્ટમેન્ટ, તુલસી બંગ્લોઝ સામે) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૫/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વાઘાભાઇ જુઠાભાઇ ચલાવે છે.

**નરોડાઃ** પિયુષ અર્જુનભાઈ વાઘેલા (ઉ.વ.૨૬)(રહે.દિવ્યજીવન સીટી ફ્લેટ, મહર્ષી સાંદીપની સ્કુલની બાજુમા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૫/૨૦૨૫ રાતના ૮/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી